CITY pulse
email: citypulse@gujaratmitra.in
ગુજરાતમિત્ર
શુક્રવાર ૨૬ એપ્રિલ, ૨૦૨૪



રિશ્તે

# ઉફ્ફ... આ ગરમી! સુરતના પેટ્સ પણ શા માટે કૂલર સામે બેસવામાંથી કે આઇસક્રીમ ખવામાંથી રહે બાકાત!

**અત્યારે સુરતીઓ જાણે ચામડી દઝાડતી હોય તેવી ગરમીનો માર સહન કરી રહ્યા છે. ગરમીનો પારો 38-39 ડિગ્રીને પાર કરી ગયો છે આવી કાળઝાળ ગરમીમાં ઠંડક મેળવવા સુરતીઓ AC, કુલર, પંખાની હવાનો સહારો લઈ રહ્યા છે, ઠંડા પીણાં, ફ્રૂટ્સ અને આઈસ્ક્રીમથી શરીરને ઠંડક પહોંચાડી રહ્યા છે. ઘણા સુરતીઓના ઘરમાં અનોખા પેટ્સ જોવા મળે છે. ઘરમાં રાખેલા પોતાના વહાલા પેટ્સ એનિમલ અને બર્ડઝને પણ ગરમીથી રાહત આપવા માટેની અવનવી તરકીબો સુરતીઓ અપનાવી રહ્યા છે. તમને જાણીને નવાઈ લાગશે શોખીન સુરતીઓ પાસે ઈગ્વાના, બર્ડઝ, આફ્રિકન ગ્રે સ્પેરો, લેબ્રેડોર ડોગ, પુંગનુર ગાય છે. આવા અનોખા પેટ્સને અસહ્ય ગરમીમાં ઠંડા ઠંડા કૂલ કૂલ અહેસાસ કરાવવા માટે શું સ્પેશ્યલ વ્યવસ્થા સુરતીઓ કરી રહ્યા છે તે જાણીએ...**



## પુંગનુર ગાયને ઠંડક માટે ખવડાવાય છે દૂધી, ઠંડક માટે લગાવ્યો છે પંખો: પાર્થ કાસોદરિયા

કામરેજમાં રહેતા પાર્થ કાસોદરિયાએ તેલંગણાથી પુંગનુર ગાય મેળવી છે. આજકાલ આવી ગાયને પેટ તરીકે પાળવાનો ટ્રેન્ડ ફૂલયોફાલ્યો છે. આ ગાય એકથી 2 ફૂટ જેટલી હોય છે. પાર્થે જણાવ્યું કે હું આ ગાયને ઘરમાં પણ રાખું છું અને એના માટે મારા કામરેજના ફાર્મ હાઉસમાં અલાયદી સગવડો કરી છે. તેને ગરમીમાં ઠંડક મળે તે માટે હું દૂધી ખવડાવુ છું. તેના માટે પંખાની વ્યવસ્થા કરી છે. ઉપરાંત રેઈન વોટર જેવો ફુવારો રાખ્યો છે.





## 16 ઈગ્વાનાને ખવડાવાય છે કોળું, પાણીનો કરાય છે સ્પ્રે: ગણેશ સેની

ઈગ્વાના એક ફૂટથી લઈને 7 ફૂટ સુધીના હોય છે. ગણેશ સેની પાસે 16 ઈગવાના છે. તેનું મૂળ તો સાઉથ અમેરિકા છે. ગણેશ સેનીએ જણાવ્યું કે ઈગવાના કોલ્ડ બ્લડેડ હોય છે તેને ઈન્ડિયાનું ગરમ વાતાવરણ માફક આવે છે પણ અત્યારે અતિશય ગરમી પડી રહી હોવાથી હું તેમને દિવસમાં બે વખત ન્હાવડાવું છું. ફ્રૂટ્સમાં તરબૂચ, દ્રાક્ષ, કેળા આપું છું ઉપરાંત સરગવાના પાન, પાલક અપાય છે. તેમને સવારે અને સાંજે કોળું ખાવા આપું છું કારણકે તેમાં પાણી વધારે હોય છે. બપોરના સમયે તરબૂચ ખાવા અપાય છે વળી, તેમની પર પાણીનો સ્પ્રે કરાય છે

## આફ્રિકન ગ્રે સ્પેરોને દિવસમાં બે વખત ફુવારાનો છંટકાવ કરાય છે, ડોગને આઇસ ચટાડાય છે: ડૉ. સંજય જાની

ડૉ. સંજયે જણાવ્યું કે મારી પાસે આફ્રિકન ગ્રે સ્પેરો છે અને બે પ્રજાતિના ડોગ છે. હું ગરમીની સીઝનમાં આ સ્પેરોને તે માટે ACમાં રાખું છું. મારી પાસે બર્ડ્ઝ માટેના સ્પેશ્યલ ફુવારા છે. જેનાથી બપોરે અને સાંજે 4-5 વાગે પાણીનો છંટકાવ કરું છું. પીવા માટે નોર્મલ પાણી આપું છું. તેમને આઈસવાળું પાણી નુકસાન કરે. બર્ડ્ઝ માટેનું સ્પેશ્યલ ફૂડ કાંગ અને સનફ્લાવર સહિતના 30થી 35 સિડ્સ મિક્સ કરેલું ફૂડ આપું છું જેનાથી તેમને પ્રોટીન મળે છે અને પ્રોટીનને કારણે ગરમીમાં રાહત મળે છે. મારી પાસે બે પ્રજાતિના ડોગ છે તેમને સ્પેશ્યલ પેટ માટે આવતો શુગર કન્ટ્રોલ કરેલો આઈસ્ક્રીમ ખાવા આપું છું. અને આઈસ ચટાડું છું.







## શુગર ફ્રી આઈસ્ક્રીમ અપાય છે, પાણીમાં બરફના ટુકડા નાખી પીવા અપાય છે: જ્યોતિ સોલંકી

જ્યોતિબેન સોલંકીએ જણાવ્યું કે અમારા ઘરમાં 5 વર્ષથી લેબ્રેડોર ડોગ છે. જ્યારે વધારે ગરમી પડે ત્યારે અમે તેને અઠવાડિયામાં એક કે બે વાર અને ક્યારેક 3થી 4 વાર શુગર ફ્રી વેનીલા આઈસ્ક્રીમ ખવડાવીએ છીએ. તેને પાણીમાં બરફના ટુકડા નાખી પીવા માટે આપીએ છીએ. દહીં, છાશ, શક્કરટેટી અને તરબૂચ આપી તેને ઠંડક આપવાનો પ્રયાસ કરાય છે. શુગરવાળી વસ્તુથી ગેસ્ટ્રો થવાની સંભાવના રહેતી હોવાથી એને છાશ, દહીં અપાય છે. ગરમીથી તેને બચાવ મળે તે માટે અમે તેને ACમાં રાખીએ છીએ.

## કેટ્સને ગરમીથી બચાવવા કુલરવાળો સ્પેશ્યલ રૂમ બનાવ્યો છે : પ્રશાંત મૂંડે



પ્રશાંત મૂંડે પાસે 13 કેટ્સ છે તેમને સ્પેશ્યલ ટ્રીટમેન્ટ માટે એક બેડરૂમ સમર્પિત કરી દેવાયો છે. ગરમીની સિઝન ચાલુ થઈ જતા આ કેટ્સના બેડરૂમમાં કુલર મૂકી દેવાયું છે જે બપોરે અને રાત્રે ચાલુ કરાય છે. કુલર બહુ ચાલુ રાખવામાં આવે તો કુલરના અવાજથી તેમની ઊંઘમાં ખલેલ પડે. ઠંડા પાણીના બાઉલમાં ચીકનની ગ્રેવી મિક્સ કરીને કેટ્સને અપાય છે તેનાથી પણ તેમને ગરમીમાં રાહત રહે છે. વળી, છાશ અને દહીં પણ આપવામાં આવે છે. ઘરમાં તેમના માટેના સ્પેશ્યલ 2 ફાઉન્ટેન મુકાયા છે. કેટ્સને બહુ સમય સુધી પડી રહેલું ફૂડ કે પાણી ગમે નહીં એટલે ફાઉન્ટનનું ફ્રેશલી પડતું પાણી તે પીવે છે. પાણીના કૂંડામાં આઈસ ક્યૂબ નાખી તે પીવા આપીએ છીએ.



## લવ બર્ડઝ અને હેમ્પટન માટેના રૂમમાં મૂક્યો છે પંખો, મધ અને લીંબુનું અપાય છે પાણી: હાર્દિક સિંહ





હાર્દિક સિંહના ઘરમાં 5 લવ બર્ડઝ અને હેમ્પટન બર્ડઝ છે. તેમણે જણાવ્યું કે આ બર્ડઝ માટે મેં ઘરનો એક રૂમ સ્પેશ્યલી ફાળવી આપ્યો છે. ગરમીમાં પંખો આ રૂમમાં ફિટ કરી તેમને ગરમીથી રાહત અપાય છે. તો ડિહાઈડ્રેશન થાય તો લીંબુ અને મધનું પાણી પીવા અપાય છે. તેમને કેરી, તરબૂચ જેવા ઠંડક આપતા ફળ આપીએ છીએ. આ પક્ષીઓને ખાંડ નહીં આપીએ કેમ કે તેનાથી તેમના પીંછા ખરી પડે અને તેમને પણ ડાયાબિટીઝ થવાનો ખતરો રહે એટલે જ ખાંડની જગ્યાએ મધ અને લીંબુનું પાણી આપીએ છીએ.



# સ્કૂલ-વેનના ડ્રાઇવર પણ હોય જ્યારે એક સ્ત્રી, પેરેન્ટ્સનું પણ મન કાયમ રહે ટેન્શન ફ્રી

**મહિલાઓની ડ્રાઈવિંગ સ્કિલને નોર્મલી સીરીયસલી લેવાતી નથી. આજથી 10-11 વર્ષ પહેલાં સુરત સિટીમાં ભાગ્યે જ મહિલા સ્કૂલ વેન ડ્રાઇવર જોવા મળતી. મહિલા વેન ડ્રાઇવરને નામે પેરેન્ટ્સનું નાકનું ટેરવું ચઢી જતું તેમને થતું કે તે અમારા બાળકોને સુરક્ષિત લઈ જશે ખરી. પણ આ મહિલા વેન ડ્રાઈવરોએ પેરેન્ટ્સનો જ વિશ્વાસ સંપાદન કર્યો ફક્ત એટલું જ નથી ગર્લ્સ સ્ટુડન્ટ માટે પણ મહિલા ડ્રાઇવર પર સ્કૂલો વિશ્વાસ રાખવા લાગી છે. મહિલા સ્કૂલ વેન ડ્રાઈવરોની સંખ્યા કેમ વધતી જાય છે? પેરેન્ટ્સ પણ તેમની પર કેમ વિશ્વાસ રાખવા લાગ્યાં છે તે આપણે અહીં જાણીએ...**



## મહિલા વેન ડ્રાઇવર છોકરીઓ માટે સેફ હોવાનું પેરેન્ટ્સ કહેતા હોય છે: શોભા ચૌહાણ



11 વર્ષ પહેલાં હું સ્કૂલ વેન ડ્રાઇવર બની ત્યાર બાદ આ ક્ષેત્રમાં ઘણી મહિલાઓ આવી.હું જ્યારે વેન ડ્રાઇવર બની ત્યારે પેરેન્ટ્સે મારી પર ટ્રસ્ટ મુક્યો હતો. મહિલા ડ્રાઇવર માટે પોઝિટિવ રહ્યા હતા અને પ્રાઉડ ફિલ.કર્યું હતું આ શબ્દો છે શોભાબેન ચૌહાણના. તેમણે જણાવ્યું કે, ગર્લ્સ સ્ટુડન્ટ્સ કહેતી હોય છે કે તેમને અંકલ ડ્રાઇવર નહિં આંટી ડ્રાઇવર વધારે ગમે. કેમકે તેઓ ખૂલીને વાત કરી શકે છે, સુરક્ષાની ભાવના ફિલ કરી શકે છે. હું જ્યારે વેન ડ્રાઈવ કરતી હોઉં છું ત્યારે બાળકોને સેફલી ઘરે પહોંચાડવા એ મારી મુખ્ય જવાબદારી હોય છે.




## મારા હસબન્ડ વેન ડ્રાઇવર છે એમની સાથે હું પણ 5 વર્ષ પહેલાં જોડાઈ: સ્વીટી મહેતા

2019માં હું સ્કૂલ વેન ડ્રાઈવર તરીકે જોડાઈ ત્યારે ઘણા લોકોએ મને એપ્રિશીએટ કરી આ શબ્દો છે સ્વીટી મહેતાના. તેમણે જણાવ્યું કે, હું પહેલાથી લઈને બારમાં ધોરણ સુધીનાં બાળકોને સ્કૂલે પહોંચાડવાની જવાબદારી ઉઠાવું છું. વેન 40થી 60ની સ્પીડમાં હંકારું છું. બાળકોને મારી સાથે ફાવે છે હું મારા ખર્ચે તેમને વર્ષમાં ચાર વખત ફૂડ પાર્ટી પણ આપું છું. ગર્લ્સ સ્ટુડન્ટ્સ કહેતી હોય છે કે અમને અંકલ ડ્રાઈવર કરતા આંટી ડ્રાઈવર સાથે વધારે ફાવે છે કેમ કે તેમની સાથે ખૂલીને નિખાલસ રીતે વાત કરી શકે છે.

## પેરેન્ટ્સ મારું સેફ ડ્રાઇવિંગ જોઈને બિનદાસ્ત થયા છે: કાશ્મીરા વાઘેલા





મારા હસબન્ડને વેન ડ્રાઈવ કરતા નથી આવડતી પરંતુ હું વેન ડ્રાઈવ કરું તો તેઓ મારા માટે પ્રાઉડ ફિલ કરે છે આ શબ્દો છે કાશ્મીરાબેનના તેમણે જણાવ્યું કે, મેં 7-8 વર્ષ પહેલાં સ્કૂલ વેન ડ્રાઈવ કરવાનું શરૂ કર્યું ત્યારે એક- બે જ મહિલા વેન ડ્રાઈવર જોવા મળતી હતી. પેરેન્ટ્સને ફિલ થતું હોય છે કે મહિલા ડ્રાઈવર દીકરીઓ માટે સેફ છે. શરૂઆતમાં પેરેન્ટ્સને એવું લાગતું કે આ તો લેડીઝ છે તો તે છોકરાઓને સંભાળીને લઇ જશે કે નહીં. હવે તેઓ મારું સેફ ડ્રાઇવિંગ જોઈને બિન્દાસ્ત થઈ ગયા છે.

## ખુશીની સાથે સાહસભર્યું કામ કરી રહી હોવાની ફીલિંગ આવે છે: કિંજલ પટેલ



કિંજલબેન 4 વર્ષથી સ્કૂલ વેન ડ્રાઈવર છે. તેમણે જણાવ્યું કે જ્યારે હું સ્ટુડન્ટ્સને સ્કૂલે લઈ જતી હોઉં કે તેમને ઘરે ડ્રોપ કરવા જતી હોઉં ત્યારે મને ખુશી પણ થાય છે અને સાહસિક કાર્ય કરી રહી હોવાનું પણ ફીલ થાય છે. કોરોના પહેલા એક ગર્લ્સ સ્કૂલ ચાલુ થવાની હતી ત્યારે સ્કૂલના પ્રિન્સિપાલે નક્કી કર્યું હતું કે ગર્લ્સ સ્કૂલ છે તો વેન ડ્રાઈવર પણ મહિલા જ હોવી જોઈએ ત્યારે હું વેન ડ્રાઇવિંગ શીખી હતી અને મારું સિલેક્શન થયું હતું. શરૂઆતમાં પેરેન્ટ્સને થતું કે એક મહિલા વેન ચલાવશે તેને લઈને તેમને થોડો ડર રહેતો પણ હવે તેઓ માને છે કે મહિલા પણ બેસ્ટ ડ્રાઈવર હોઈ શકે છે.